અમારે જલસા ક્યારે કરવાના?

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ ચંચળ હોય છે. એકધારી કોઈ પણ પ્રવૃત્તિ એમને રૂચતી નથી. જોકે માનવમાત્ર એક જ પ્રકારના યંત્રવત્ જીવનથી કંટાળી જાય છે, તે પોતાના જીવનને અલગ-અલગ જીવનના રંગોથી ભરી દેવા માગે છે. ઘણા તત્ત્વવેત્તાઓ કહેતા હોય છે ને કે 'Life is beautiful'. ખરેખર જીવન સુંદર જ છે, માણસ નકામાં ઉપાધિનાં પોટલાં બાંધીને ફરે છે, પંખીઓ અને પશુઓ શું આવતી કાલની ચિંતા કરે છે? જોકે સુરક્ષિત જીવન જીવવા માટે સામાન્ય ચિંતા અને દોડાદોડી હોય તે સ્વાભાવિક છે, પરંતુ આપણે ક્યારેક જીવનને વધારે ગંભીર બનાવી દઈએ છીએ. જીવન પ્રત્યેની અસામાન્ય ચિંતા માનવજીવનને વધારે બેરંગ, બેડોળ, ભારેખમ અને અસ્તવ્યસ્ત બનાવી દે છે.

આપણા ધર્મગ્રંથો પણ માનવજીવનના દરેક પાસા સંદર્ભે સ્પષ્ટ જણાવ્યું છે તે અનુસાર માનવજીવનને ચાર આશ્રમોમાં વહેંચવામાં આવ્યું છે. આ આશ્રમપદ્ધતિ જીવનના દરેક તબક્કા માટે ધર્મ, કર્તવ્ય અને જીવનશૈલી નિર્ધારિત કરી આપે છે. જેમાં પ્રથમ તબક્કા વિશે વાત કરીએ તો તેને બ્રહ્મચર્યાશ્રમ તરીકે ઓળખવામાં આવે છે, જે આશરે 0 થી 25 વર્ષ સુધીનો હોય છે. જીવનના આ તબક્કાને શિક્ષણ અને શિસ્તના તબક્કા તરીકે પણ આલેખિત કરી શકાય. આ સમયગાળા દરમિયાન ગુરુકુળમાં રહેવું, ધર્મશાસ્ત્ર અને વિજ્ઞાનનું અધ્યયન કરવું વગેરે અધ્યયનલક્ષી કાર્યો કરવાનાં રહે છે. તદ્ઉપરાંત બ્રહ્મચર્ય, સદાચાર અને ઇંદ્રિયસંયમ વિશે પણ વાત કરવામાં આવી છે. આ તબક્કો ખરેખર જીવનના ધ્યેયને નિર્ધારિત કરવા માટેનો મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક તબક્કો છે. જો આ ઉંમરમાં જીવનને યોગ્ય ઘાટ આપવામાં આવે તો ખરા અર્થમાં જીવન જીવવા જેવું બને છે.

બીજા તબક્કાની વાત કરીએ તો તેને ગૃહસ્થાશ્રમ કહેવાય છે, જે 26થી 50 વર્ષનો હોય છે. જેમાં લગ્ન કરીને કુટુંબનિર્માણ કરવું, નોકરી-ધંધા દ્વારા અર્થોપાર્જન કરવું. સમાજ, કુટુંબ અને વૃદ્ધો માટે જવાબદારી ઉઠાવવી. કહો કે ધર્મ, અર્થ અને કામ જેવાં ત્રિવિધ કાર્યો આ તબક્કા દરમિયાન પરિપૂર્ણ કરવાનાં રહે છે. જીવનના તૃતીય તબક્કાને વાનપ્રસ્થાશ્રમ તરીકે જોવામાં આવે છે, જે 51થી 75 વર્ષ સુધીનો હોય છે. આ સમયગાળા દરમિયાન મનુષ્યને દુનિયાદારીમાંથી ધીમેધીમે પોતાની જાતને વિમુખ કરવા જણાવ્યું છે અને પોતાના શિર પરથી જવાબદારી ઓછી કરી સંતાનને જવાબદારી સોંપવાની વાત ઉલ્લેખવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જીવનને વધુ ને વધુ અધ્યાત્મ તરફ વાળવાનો અંગુલિનિર્દેશ પણ કરવામાં આવ્યો છે. સંસારથી દૂર રહીને આત્મવિચાર અને શાંતિ તરફ પ્રયાણ કરવાનો આ ખરો તબક્કો છે. જીવનનો અંતિમ અને ચોથો તબક્કો સંન્યાસાશ્રમનો જે 75 વર્ષ પછીના જીવનનો છે, જેમાં સમગ્ર સંસારથી સંબંધ ત્યાગવાની વાતને સમજાવવામાં આવી છે. ઈશ્વરભક્તિ, ધ્યાન અને મોક્ષપ્રાપ્તિ માટે જીવનને દોરી જવાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાગ, વૈરાગ્ય અને આધ્યાત્મિક જીવન જીવીને અંતિમ ધ્યેય સાધવું એ વાત તરફ દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. આ આશ્રમપદ્ધતિ જીવનના દરેક તબક્કાને યોગ્ય અને સાચી રીતે જીવન જીવવાનું અને મૂલવવાનું પાથેય પૂરું પાડે છે.

આપણે અહીં જીવનના પ્રથમ અને પાયાના તબક્કા વિશે વિચારવિમર્શ કરવો છે. હમણાં-હમણાં અમારી શાળાના વિદ્યાર્થીઓ માટે એક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજ્જ્ઞ અને સારસ્વતમિત્રો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં એક વિદ્યાર્થિનીએ સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછ્યો, 'સર, અમારે નકરું વાંચવાંચ અને ભણભણ જ કરવાનું? અમારે જલસા ક્યારે કરવાના?' સ્વાભાવિક રીતે પૂછેલા આ વેધક પ્રશ્ને અમને

થોડા સમય માટે વિચારતા કરી મૂક્યા. આજના મોટા ભાગના વિદ્યાર્થીઓ ભણવાથી અને વાંચવાથી કેટલા કંટાળી ગયા છે તેની સાબિતી આ પ્રશ્ન આપી દે છે, એવું અનુભવવા મળ્યું. જોકે વિદ્યાર્થીજીવન તો ત્યાગ, વિદ્યાતપ અને જિજ્ઞાસાથી ભર્યુંભર્યું હોવું જોઈએ. આપણાં શાસ્ત્રોમાં પણ વિદ્યાર્થીજીવન વિશે ઘણું લખાયું છે. આમેય વિદ્યાર્થીઓને સુખ ક્યાંથી હોય? તેઓએ જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં આકરી વિદ્યાસાધના કરીને પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવાનું રહે છે, જેથી તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ બની રહે. જે વિદ્યાર્થીઓ આ સમયગાળા દરમિયાન પગ લાંબા કરીને બેસી રહે છે તેને ભવિષ્યમાં અન્ય લોકો પાસે હાથ લાંબો કરવાનો વખત આવે છે!! વિદ્યાર્થીઓએ આ સમયને પારખીને તનતોડ મહેનત કરવાની રહેતી હોય છે, એક તત્ત્વચિંતકે યોગ્ય જ કહ્યું છે, 'ખુદ કો પરિશ્રમ સે જોડ દો, બાકી સબ ઈશ્વર પર છોડ દો.' આમેય ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' કિન્તુ આજના બહુધા વિદ્યાર્થીઓ ધૈર્ય ધરી શકતા નથી. એમને ખૂબ ટૂંકા, ઉપરછલ્લા અને બિનવ્યવહારુ પ્રયાસથી સફળતાનો સ્વાદ ચાખી લેવો છે. એમ સફળતા કંઈ રસ્તામાં પડી છે? સફળતા માટે નિરંતર અને થાક્યા વગર રાતદિવસ એક કરવાં પડે છે ત્યારે સફળતા આપણને સાંપડે છે!!! કહેવાય છે કે 'સફળતાના કોઈ શૉર્ટકટ નથી.' અને 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' આ ધ્યેયવાક્યોને વિદ્યાર્થીજીવનમાં પૂરેપૂરા આત્મસાત્ કરનારા જ સફળતાને વરે છે.

આજના સુખસગવડોના સમયમાં વિદ્યાર્થીઓ પાસે અભ્યાસોપયોગી સામગ્રી સુલભ અને હાથવગી બની છે. આંગળીના ટેરવે દુનિયાભરની માહિતી પળ વારમાં મેળવી શકાય એવી સુવિધા મળતી થઈ છે. મનોરંજનનાં માધ્યમો દિનપ્રતિદિન વધતાં જાય છે, વિદ્યાર્થીઓને પોતાના ધ્યેયથી ચલિત કરનારાં પરિબળોનો પ્રભાવ પણ વધતો જાય છે, આવા સમયે અર્જુનની જેમ એક લક્ષ્ય નિર્ધારિત કરી લક્ષ્યવેધ કરવો દુષ્કર જણાઈ રહ્યો

છે. સાંપ્રતમાં જ્યારે ભોગવાદી વિચારધારાનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે, ત્યારે વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ પરિબળોનો ત્યાગ કરવો જાણે કપોળકલ્પના બની રહેતી હોય તેવું ભાસી રહ્યું છે.

આજના ઘણાખરા વિદ્યાર્થીઓની માનસિકતા કઠોર મહેનતના સંદર્ભમાં તેમની સંકીર્ણ બનતી હોય તેવું લાગી રહ્યું છે. ઓછી મહેનતે વધારે મેળવી લેવું તે તેમના જીવનનો મુદ્રાલેખ બની રહ્યો હોય તેવું પ્રતીત થયા વગર રહેતું નથી. કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે તે તલપાપડ બની રહે છે, પણ એની સામે મહેનત ક્યાંક ઓછી હોય છે, તે આંખે દેખ્યું સત્ય છે. આખરે સફળતા કંઈ એમ એકાએક મળતી નથી, પરંતુ એક દિવસ જરૂર મળે છે. વિદ્યાર્થીઓએ હાર્ડવર્ક જ નહીં, પરંતુ સ્માર્ટ હાર્ડવર્ક કરવાની જરૂર છે. શિક્ષકમિત્રોએ જરૂર પડે ત્યાં વિદ્યાર્થીઓને સહાયભૂત થઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના છે. વિદ્યાર્થીઓ પોતાના ધ્યેયથી વિચલિત ન થાય તે પ્રકારની પ્રેરણા પણ પૂરી પાડવાની છે. વિદ્યાર્થીની આકરી અને સાતત્યપૂર્ણ મહેનત એક દિવસ જરૂર રંગ લાવે છે. આમેય શ્રીફળ વધેરવામાં પ્રથમ પ્રયત્ને ક્યાં સફળતા મળે છે? જ્યારે શ્રીફળ વધેરાય છે અને તેનું અમૃતસમું પાણી મળે છે ત્યારે અગાઉના પ્રયત્નોનો પણ ફાળો હોય છે તે ન ભૂલવું જોઈએ.

સજેશન બૉક્સ : સમસ્યા ઉકેલની ચાવી

શિક્ષણ એ બહુધ્રુવીય પ્રક્રિયા છે. શાળા, શિક્ષક, આચાર્ય, કુટુંબ અને સમાજ વગેરે પરસ્પર અતૂટ રીતે એકબીજા સાથે જોડાયેલા છે. શિક્ષણપ્રક્રિયા પર આ બધાં પરિવર્ત્યોની ઘેરી અસર પડે છે. સામાન્ય રીતે શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ઉપયોગી હોય તેવી વ્યવસ્થા ઊભી કરવાનો શાળાનાં આચાર્ય, શિક્ષક અને શાળાવ્યવસ્થાપન સમિતિ પ્રયાસ કરતી હોય છે. આમેય શિક્ષણ એટલે બાળક શીખે તેમ કરવું અથવા તો બાળક શીખે તેવા સંજોગો પેદા કરવા એવો પણ અર્થ છે. બાળકને શાળાકક્ષાએ ઓછામાં ઓછી તકલીફ પડે અને અભ્યાસ માટે સાનુકૂળ ભાવાવરણ સર્જવું એ શાળાની મહત્ત્વની જવાબદારી બની રહે છે. આ જવાબદારી સુપેરે પાર પાડવા માટે શાળા ઘણી મથામણ કરતી હોય છે.

શાળામાં વિદ્યાર્થીઓ માટે પાણી, શૌચાલય, વીજળી, રમતગમતનું મેદાન, પ્રાથમિક શાળાકક્ષાએ મધ્યાહ્ન ભોજન, પૂરતા હવા-ઉજાસવાળાં રૂમો, ગ્રંથાલય અને પ્રયોગશાળા વગેરેની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. તદ્ઉપરાંત પ્રાથમિક સારવારપેટી, ખોયા-પાયા, અક્ષયપાત્ર, પોક્સો ઍક્ટ પેટી, સજેશન બૉક્સ વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આખરે શાળા દ્વારા આ બધી સુવિધાઓ ઊભી કરીને બાળકને અભ્યાસમાં વધુ ને વધુ સહાયભૂત થવાનો ઉદ્દેશ હોય છે. જેમાં આજે આપણે શાળા અને વિદ્યાર્થી માટે ઉપયોગી એવા સજેશન બૉક્સ (સૂચનપેટી) વિશે વાત કરીએ. ઘણી શાળાઓમાં સજેશન બૉક્સ હોય છે, પરંતુ મોટા ભાગે આ બૉક્સ શોભાના ગાંઠિયા સમાન ભાસે છે અથવા તો ધૂળ ખાતું નજરે ચડે છે. બહુ ઓછી

શાળા આ સજેશન બૉક્સનો સદુપયોગ કરતી હોય તેવું દેખાય છે. સામાન્ય રીતે શિક્ષણ એ એક ધ્રુવીય પ્રક્રિયા નથી, જેમના માટે શાળા ચાલે છે, તેવાં બાળકોને શું તકલીફ છે? અથવા શાળામાં કઈ-કઈ બાબતોનો પરામર્શ કરી સુધારવાની જરૂર છે? કઈ-કઈ બાબતો સારી છે? વગેરે બાબતે વિદ્યાર્થીઓના અભિપ્રાય જરૂરી બને છે. ઘણી વખત બાળકો શરમ અને સંકોચને કારણે અમુક બાબતો પોતાના શિક્ષકને જણાવી શકતા નથી. આવા સમયે સજેશન બૉક્સ પરોક્ષ અભિવ્યક્તિનું માધ્યમ બની શકે છે. વિદ્યાર્થીઓની યોગ્ય માગણીઓ સંતોષવી એ શાળા અને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે જરૂરી છે.

આ સજેશન બૉક્સમાં બાળક નિર્ભય રીતે શાળા અને વિદ્યાર્થી ઉપયોગી સૂચન લખીને નાખી શકે, સમયાંતરે આ બૉક્સ બધા શિક્ષકોની હાજરીમાં ખોલવામાં આવે અને બાળકોએ જે સૂચનો કર્યાં છે, તેનો અભ્યાસ કરવામાં આવે અને વિદ્યાર્થી સમિતિ અને શિક્ષકોએ વિચારવિમર્શ કરી યોગ્ય સૂચનોનો ત્વરિત અમલ કરાય તો, શાળા અને વિદ્યાર્થીઓને તેનાં સારાં પરિણામો અવશ્ય મળે છે.

અહીં ખાસ નોંધવાપાત્ર બાબત એ છે કે સજેશન બૉક્સમાં કેવાં-કેવાં સજેશન કરી શકાય? સજેશન બૉક્સ કઈ રીતે બાળકોના વિકાસમાં ઉપયોગી થઈ શકે? સજેશન બૉક્સમાં વિદ્યાર્થીઓએ કરેલાં સૂચનોથી શાળામાં કેવા વિધાયક ફેરફારો કરી શકાય? વગેરે બાબતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પ્રાર્થનાસભામાં વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવે તો બાળકો પોતાના અભિપ્રાય અથવા સૂચન નિર્ભય અને ખરેખર જરૂર હોય તેવાં સૂચનો લખી શકે અને શિક્ષણપ્રક્રિયામાં પોતાની ભાગીદારી નોંધાવી શકે છે.

શાળા ભાવાવરણમાં વિધાયક ફેરફારો લાવનારાં સૂચનોનાં ઉદાહરણો જોઈએ તો, 'શાળાનો પ્રાર્થના-કાર્યક્રમ ખૂબ સરસ થાય છે, પરંતુ તેમાં સંગીતનાં સાધનોનો ઉપયોગ થાય તો પ્રાર્થના-કાર્યક્રમ વધારે દીપી ઊઠે', 'પ્રાર્થનાની શરૂઆત ઓમકાર અને પ્રાણાયામથી થાય તો તે સારું રહેશે.' 'વિદ્યાથીઓ પ્રાર્થના-કાર્યક્રમ

માટે જરૂરી હોય તેવી બાબતોને વણી લઈ સ્ક્રેપબુક તૈયાર કરે, જેમાં ભજન, ધૂન, લોકગીત, સુવિચાર, જાણવા જેવું, દિનવિશેષની માહિતી, પ્રેરણાત્મક વાર્તાઓ, પુસ્તકસમીક્ષા, પ્રવાસના અનુભવો કે અન્ય કાર્યક્રમની ટૂંકી નોંધ વગેરેનો સમાવેશ કરી શકાય.' પીવાનાં પાણીની સ્વચ્છતા બાબતે પણ સૂચન કરી શકાય, શાળાશૌચાલય, રમતગમત, અધ્યયન-અધ્યાપન, ગ્રંથાલય, પ્રયોગશાળા, ગૃહકાર્ય, શાળાસફાઈ, પ્રવાસ-પર્યટન, પૌષ્ટિક નાસ્તા, સહઅભ્યાસક પ્રવૃત્તિ વગેરે બાબતોને ધ્યાને લઈને સકારાત્મક સૂચનો કરી શકાય. આ સૂચનપેટી નિયત સમયે વિદ્યાર્થી સમિતિ અને શિક્ષકોને સાથે લઈ ખોલવામાં આવે. વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલાં સૂચનોનો અભ્યાસ કરવામાં આવે અને યોગ્ય વિચારવિમર્શ કરીને શાળા અને વિદ્યાર્થીઓનાં હિતમાં આવેલ સૂચનોનું અમલીકરણ થાય તો સૂચન કરનારાં બાળકોનો ઉત્સાહ વધે છે, શાળા ભાવાવરણ તંદુરસ્ત બને છે. અશિસ્તના પ્રશ્નો ઘણા અંશે નિવારી શકાય છે અને ખાસ તો શાળા-વ્યવસ્થાપનમાં બાળકોનો અભિપ્રાય કે સૂચન ધ્યાને લેતાં તેનામાં આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો ખીલવી શકાય છે.

શાળાકક્ષાએ જે કંઈ સારી કે સુધારવાલાયક બાબત છે તે ઘણી વખત ધ્યાને આવતી નથી, પરંતુ વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસ કરતી વખતે જે સમસ્યાઓ નડે છે અથવા તો જે સારી બાબતો છે તેને મુખોમુખ કે પછી સજેશન બૉક્સના માધ્યમથી રજૂ કરે તો શાળામાં વિદ્યાર્થીઓને પજવતી સમસ્યાઓ ઘટાડી શકાય અને સારી બાબતોને જાળવી તેમાં અભિવૃદ્ધિ કરી શકાય. અહીં બીજી ખાસ બાબત એ પણ ધ્યાને લેવા જેવી છે કે સજેશન કરનાર વિદ્યાર્થીઓની ઓળખ ગુપ્ત રહે તે પણ જરૂરી છે, જેથી કોઈ પૂર્વગ્રહયુક્ત વાતાવરણ ન સર્જાય. સજેશન બૉક્સ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા માટે દિશાનિર્દેશક અને ઉપયોગી બની રહે તે પ્રકારનું આયોજન અને અમલીકરણ થાય તો શાળાને શ્રેષ્ઠ સ્થાને પહોંચાડી શકાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સ્ક્રેપબુક : સર્જનાત્મકતાની સરવાણી

જે. કૃષ્ણમૂર્તિ નોંધે છે કે 'એક ક્ષણથી બીજી ક્ષણ સુધીની જાગ્રત સફર એટલે શિક્ષણ.' કેવી સુંદર અને અદ્‌ભુત વ્યાખ્યા છે. શિક્ષણ એ વ્યક્તિને પોતાની જાત અને વિશ્વનો પરિચય કરી આપવાનું એક મહત્ત્વનું કાર્ય કરે છે. શિક્ષણ એ તો ક્ષણે-ક્ષણે વ્યક્તિમાં પરિવર્તન લાવતી સતત અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને શાળા એ વ્યક્તિને જાગ્રત અવસ્થામાં રાખીને જીવનના અમૂલ્ય બોધપાઠ સહજ રીતે આપતી પ્રયોગશાળા છે. પોતાના વ્યક્તિત્વનું સંપૂર્ણ પ્રગટીકરણનું કાર્ય શિક્ષણ થકી જ શક્ય બને છે. સામાન્ય રીતે શાળાકક્ષાએ બાળકોના વિકાસ માટે એકાધિક પ્રયત્નો થતા રહે છે. આજના યુગમાં શિક્ષણનો ઉદ્દેશ માત્ર પાઠ્યપુસ્તકમાં આપેલી માહિતી પર આધારિત નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસ પર વધારે ભાર મૂકવામાં આવે છે. બાળકની સર્જનાત્મકતા ખીલે, અભિવ્યક્તિની ક્ષમતા કેળવાય અને શિક્ષણ સાથેની ખરી નિસબત સ્થપાય એ અત્યંત જરૂરી છે. આવા ગુણો વિકસાવવા માટે સ્ક્રેપબુક ઉત્તમ માધ્યમ બની રહે છે. બાળકના વિકાસ માટે સ્ક્રેપબુક શું છે? તે વિદ્યાર્થી વિકાસમાં કેવી રીતે મદદરૂપ થઈ શકે? તેમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ કરી શકાય? વગેરે બાબતો વિશે વાત કરવાનો ઉપક્રમ છે.

સ્ક્રેપબુક એ શિક્ષણ સાથે સંબંધિત અને ઉપયોગી બાબતોનું એક મહામૂલું સંપુટ છે. કહો કે સ્ક્રેપબુક એ અભ્યાસ માટેનું રચનાત્મક સાધન છે. જેમાં બાળકો સાદા ફૂલસ્કેપ કે ડાયરીમાં શાળાકક્ષાએ જે પ્રવૃત્તિઓ થાય છે, વિદ્યાર્થીઓને શિક્ષણના જે અનુભવો મળે છે, તેને અક્ષરદેહ આપવાનો પ્રયત્ન થતો હોય છે. સ્ક્રેપબુકનો કોઈ નિશ્ચિત ઢાંચો કે માળખું હોતું નથી, પણ

વિદ્યાર્થી વિકાસમાં જે બાબતો ઉપયોગી હોય તેનો સમાવેશ તેમાં કરી શકાય છે. જોકે વિદ્યાર્થી ઇચ્છે તો અલગ-અલગ વિષયની અલગ-અલગ સ્ક્રેપબુક બનાવી શકે છે. જેમ કે વિજ્ઞાન આધારિત સ્ક્રેપબુક, ભૂગોળ આધારિત સ્ક્રેપબુક, ભાષા આધારિત સ્ક્રેપબુક, સામાજિક વિજ્ઞાન આધારિત સ્ક્રેપબુક, નૈતિક શિક્ષણ આધારિત સ્ક્રેપબુક, વિશિષ્ટ દિવસો અને ઉજવણી આધારિત સ્ક્રેપબુક બનાવી સ્ક્રેપબુકની વૈવિધ્યતાને વધારી શકાય છે. સ્ક્રેપબુક દરરોજ લખવી જ એ પણ જરૂરી નથી. જ્યારે બાળકને મોજ આવે, નવા અનુભવો પ્રાપ્ત થાય, બાળકના અંતઃકરણમાં નવું સ્ફુરણ થાય ત્યારે તેની નોંધ સ્ક્રેપબુકમાં કરી શકાય છે. રાજગોપાલાચારી પણ નોંધે છે કે 'શિક્ષણ એ ચેતનાની ખેતી છે.' બાળકને જીવંત, ધબકતો અને ચેતનવંતો રાખવા માટે સ્ક્રેપબુક મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે છે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓ દ્વારા બનાવાતી સ્ક્રેપબુકમાં આ મુજબની વિગતો નોંધી શકાય. શાળાની પ્રાર્થનાસભામાં રજૂ થતાં ભજનો, ધૂન, લોકગીત, અભિનયગીત, જાણવા જેવું, દેશ અને દુનિયાની મહત્ત્વની ઘટનાઓ, સુવિચારો, પ્રેરક ઉદાહરણો, હાસ્યરચનાઓ, જોડકણાંઓ, કહેવતો, સ્વરચિતકાવ્યો, ગમતાં પુસ્તકોની પુસ્તકસમીક્ષા, ફોટા, નકશા અને અન્ય બાબતો કે જે વિદ્યાર્થીઓના વિકાસ માટે ઉપયોગી હોય તેવી બાબતો એકત્રિત કરીને સુંદર રીતે રજૂ કરી શકાય છે. તદ્ઉપરાંત શૈક્ષણિક પ્રવાસની ટૂંકી નોંધ અને થયેલા અનુભવો તેમાં સમાવી શકાય છે. શાળાની સહઅભ્યાસક પ્રવૃત્તિમાંથી ગમતી પ્રવૃત્તિઓ વિશે પણ નોંધ કરી શકાય છે. સાથી સહાધ્યાયી સાથેના સંબંધોને પણ સ્ક્રેપબુક દ્વારા વાચા આપી શકાય છે. પોતાના ગુરુજનો અને શાળા વિશે પણ લખી શકાય છે. વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓને પણ તેમાં સ્થાન આપી શકાય. વિદ્યાથીઓને ચિત્રમાં રસ હોય તો ચિત્રો પણ દોરી શકાય. શબ્દચિત્ર તો સ્ક્રેપબુકની શોભા વધારી આપે છે. નિબંધ અને વક્તૃત્વસ્પર્ધાને ધ્યાને લઈ

સાંપ્રત પ્રવાહને અનુરૂપ વિષયો વિશે પણ નોંધ કરી શકાય છે. વર્તમાનપત્રનાં કટિંગ્સ પણ મૂકી શકાય.

અહીં ખાસ નોંધવાલાયક મહત્ત્વની બાબત એ છે કે સ્ક્રેપબુક એ માત્ર નોંધપત્રક નથી, પણ વિદ્યાર્થીઓની રચનાત્મકતા અને અભ્યાસક્ષમતા દર્શાવતો એક મહામૂલો અને અદ્વિતીય દસ્તાવેજ છે. સ્ક્રેપબુકમાં માહિતીનો ખીચડો કરવાનો નથી, ખૂબ જ પસંદ હોય અને વિદ્યાર્થીઓના પોતાના શોખને પોષણ આપતી હોય તેમ જ પોતાના જીવનવિકાસમાં સહાયભૂત થતી હોય તેવી જ વિગતો નોંધવાની છે. વિદ્યાર્થીઓએ પોતાના નવરાશના સમયમાં જ આ કાર્ય કરવાનું છે. વિદ્યાર્થીઓ માટે સ્ક્રેપબુક એક અમૂલ્ય દસ્તાવેજ બની રહે છે. શાળાશિક્ષણ દરમિયાન અને બાદ સ્ક્રેપબુક વિદ્યાર્થીઓને દિશાનિર્દેશન આપે છે અને ખરા માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. જીવનના સારા અને નરસા પ્રસંગે સ્ક્રેપબુક સધિયારો બની રહે છે. સ્ક્રેપબુકનાં પાનાંઓ જીવનને ઝંકૃત કરી મૂકે છે.

સ્ક્રેપબુક બનાવવાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક શક્તિ કેળવાય, માહિતી શોધવાની ક્ષમતા કેળવાય, વિદ્યાર્થીઓ માહિતીનું વર્ગીકરણ, અર્થઘટન, તારણ કાઢતાં શીખે, સ્વઅવલોકન શક્તિ ખીલે, અભ્યાસમાં રસરૂચિ વધે, નૈતિક, સાંસ્કૃતિક અને સામાજિક ગુણોનો વિકાસ થાય અને અભ્યાસ કંટાળાજનક અને ત્રાસદાયક ન બનતાં રોચક અને રસપ્રદ બની રહે તેવો છે. સ્ક્રેપબુક દ્વારા બાળકને અભિવ્યક્ત થવાની તક મળે છે, સ્ક્રેપબુકના માધ્યમથી બાળકમાં રહેલી સર્જનાત્મકતાને ખીલવી શકાય છે. કહો કે તેનામાં સર્જનાત્મકતાની સરવાણી વહેવડાવી શકાય છે.

બાળકના બાહ્યમૂલ્યાંકનની જગ્યાએ આંતરિક મૂલ્યાંકન કરવામાં સ્ક્રેપબુક મહત્ત્વનું સાધન બની રહે છે.

વિદ્યાર્થી માટે સ્ક્રેપબુક બનાવતી વખતે અમુક ખાસ કાળજી રાખવી જરૂરી બને છે. સારસ્વત મિત્રોએ રચનાત્મક, રોચક, રસપ્રદ અને વિદ્યાર્થીઓના વિકાસમાં મદદરૂપ થાય તેવી સ્ક્રેપબુક

બનાવવામાં વિદ્યાર્થીઓને ઉપયોગી થવાનું છે. વિદ્યાર્થીઓએ સ્ક્રેપબુક માટે યોગ્ય વિષય પસંદ કરવાનો છે. વિષયને અનુરૂપ સંદર્ભ પુસ્તકો, ઇન્ટરનેટ, અખબાર, મૅગેઝિન વગેરેમાંથી માહિતીનું એકત્રીકરણ કરવાનું રહે છે. એકત્રિત કરેલી માહિતીનું યોગ્ય રીતે વર્ગીકરણ અને વિશ્લેષણ કરવાનું છે. રંગીન પેન, ચિત્રો, સ્ટિકર વગેરેનો ઉપયોગ કરીને સ્ક્રેપબુકની આકર્ષક રીતે સજાવટ કરવાની રહેતી હોય છે. જરૂર પડે ત્યાં સ્ક્રેપબુકમાં સમાવિષ્ટ માહિતીનો સંદર્ભ પણ ટાંકવાનું ન ચૂકવું જોઈએ. વિષયની પ્રસ્તુતતા અને અભિવ્યક્તિ બાબતે પણ ખાસ કાળજી લેવી જોઈએ.

સ્ક્રેપબુક એ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનું આબેહૂબ પ્રતિબિંબ છે. સ્ક્રેપબુક બનાવવાથી બાળકને અનેકાનેક ફાયદાઓ થતા હોય છે. જેમ કે સ્ક્રેપબુક બનાવવાની સમજણ અને કળાના કારણે વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં અભિવૃદ્ધિ કરી શકાય છે. સ્વઅધ્યયન શક્તિ કેળવી શકાય છે. સહકારની ભાવના અને ટીમવર્કના ગુણો ખીલવી શકાય છે, ફાજલ સમયનું શ્રેષ્ઠ આયોજન થઈ શકે છે. વિચારક્ષમતા, લેખનક્ષમતા, ચિંતનક્ષમતાનો વિકાસ કરી શકાય છે.

અંતે, સ્ક્રેપબુક એ માત્ર માહિતીસંચયની પ્રક્રિયા નથી કે માત્ર અભ્યાસનું સાધન જ નથી, પરંતુ વિદ્યાર્થીઓના વિકાસમાં સહાયભૂત થનારું એક ઉપયોગી અને કીમતી રસાયણ છે. સ્ક્રેપબુક બાળકને વાચન અને લેખન પ્રત્યે અભિમુખ કરે છે. નવું જાણવાનું કુતૂહલ પેદા કરે છે, નવી અને જુદી સકારાત્મક દૃષ્ટિ કેળવી શકાય છે. સ્ક્રેપબુક સાહિત્ય, વિજ્ઞાન, નૈતિકતા અને કલાને સાથે જોડી શિક્ષણના નવા આયામો રચે છે. સ્ક્રેપબુકના માધ્યમથી બાળકોને સર્જનાત્મકતાની પાંખો ફૂટે છે. બાળક શિક્ષણના વિશાળ ગગનમાં મુક્ત રીતે વિહરી શકે છે અને વિકાસની એક નવી ઊંચાઈને આંબી શકે છે. ખરેખર, સ્ક્રેપબુક દ્વારા વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મકતાની સરવાણીને અસ્ખલિત, નિરંતર અને નિર્મળ રીતે વહેવડાવી શકાય છે!

સ્વામી વિવેકાનંદનું શિક્ષણદર્શન : સાંપ્રતમાં પ્રસ્તુતતા

યુવાનોના પ્રેરણાસ્રોત, ભારતના મહાન યોગી અને શ્રેષ્ઠ વિચારોના વાહક એવા સ્વામી વિવેકાનંદ સમગ્ર ભારત રાષ્ટ્રનું અમૂલ્ય રતન છે. અલ્પઆયુમાં તેમણે 5000 વર્ષની જિંદગીમાં જે કાર્ય થઈ શકે તે કાર્ય માત્ર 39 વર્ષમાં કરી બતાવ્યું છે. દૃઢ મનોબળ, અણિશુદ્ધ ચારિત્ર્ય અને વિચક્ષણ બુદ્ધિશક્તિથી તેઓએ ભારતને એક નવો રાહ ચીંધ્યો છે. તેઓએ ભારતીય સંસ્કૃતિ અને ધર્મને વૈશ્વિક ફલક પર મૂકી આપ્યો છે. ભારતીય સંસ્કૃતિની વિશ્વને ઝાંખી કરાવવામાં તેમને અદ્‌ભુત સફળતા સાંપડી છે. તેમના આધ્યાત્મિક, રાષ્ટ્રીય, ધાર્મિક, સામાજિક, નૈતિક અને શૈક્ષણિક વિચારો આજે પણ પ્રસ્તુત છે. સ્વામી વિવેકાનંદની શિક્ષણ અંગેની વિચારધારા શું રહી છે? તેમણે શિક્ષણની શું વ્યાખ્યા આપી છે? તેમનું શિક્ષણદર્શન કેવા પ્રકારનું છે? તેના વિશે જાણવાનો પ્રયાસ કરીએ.

સ્વામી વિવેકાનંદ કેળવણીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે 'કેળવણી એટલે બાળક કે વ્યક્તિમાં રહેલ ઉત્તમ અંશોનું પ્રગટીકરણ.' કેવી સુંદર વ્યાખ્યા આપી છે! તેમના મતે શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકોનાં બે પાનાંઓ અને પરીક્ષાઓ પૂરતું મર્યાદિત ન રહેતાં, માનવીની શારીરિક, માનસિક, તાર્કિક અને આધ્યાત્મિક વિકાસનું દ્યોતક હોવું જોઈએ. પ્રત્યેક બાળક અને વ્યક્તિમાં અખૂટ અને અદ્વિતીય શક્તિઓ રહેલી છે. તે શક્તિઓનું ખરા અર્થમાં પ્રગટીકરણ કરવું, તેને બહાર લાવવાનું કાર્ય કરવું એ જ શિક્ષણનું મુખ્ય ધ્યેય રહેલું છે. તેમના મતે શિક્ષણનું ધ્યેય બાળકમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ કરવાનું રહ્યું છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ બાળકની સુષુપ્ત શક્તિઓને ઓળખી અને તેને બહાર

લાવી યોગ્ય ઘાટ આપવાનો છે. તેમના આ ઉત્તમ વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

સ્વામી વિવેકાનંદના શિક્ષણદર્શનમાં ઘણી બાબતો અને તત્ત્વો ઊડીને આંખે વળગે એવા છે, તેને જોઈએ તો :

1. **શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણ :** સ્વામી વિવેકાનંદે શિક્ષણને રાષ્ટ્રના પાયાનો પથ્થર ગણ્યો છે. તેમણે શક્તિશાળી ભારતના નિર્માણ માટે મૂલ્ય આધારિત શિક્ષણપ્રણાલીની કલ્પના સેવી હતી. તેઓનું માનવું હતું કે રાષ્ટ્રનું પુનઃ જાગરણ શક્તિના ભંડાર એવા યુવાનોના અથાગ પ્રયત્નોથી જ થઈ શકે છે અને યુવાનોને સાચા માર્ગે દોરી શકે એવું કોઈ સશક્ત માધ્યમ હોય તો તે માત્ર ને માત્ર શિક્ષણ છે. રાષ્ટ્રની તાસીર બદલવામાં શિક્ષણની અહમ્‌ભૂમિકા છે, એવું તેમણે વર્ષો પહેલાં ભાખ્યું હતું! તેમના મતે શિક્ષણ દરેક નાગરિક સુધી પહોંચે તો દેશમાં પ્રવર્તતા ભેદભાવ અને પછાતપણાને દૂર કરી શકાય તેમ જ લોકોમાં સામાજિક એકતા, દેશભક્તિ અને માનવતાની સુવાસ ફેલાવી શકાય.
2. **કેળવણીમાં શિક્ષકની અહમ્‌ભૂમિકા :** સ્વામી વિવેકાનંદના મતે શિક્ષક એ માત્ર પાઠ્યપુસ્તકમાં રહેલ જ્ઞાન આપનાર જ નથી, પરંતુ જીવનમૂલ્યો શીખવનાર અને વિદ્યાર્થીઓના જીવનને ઉજાળનાર સાચો માર્ગદર્શક છે. તેમના મતે શિક્ષકમાં સત્યનિષ્ઠા, પ્રેમ, કરુણા, સમર્પણભાવ અને ઉત્તમ શીલવંત જેવા ગુણો હોવા ખૂબ જ જરૂરી છે, કારણ કે ઉત્તમ રાષ્ટ્રનિર્માણ, ભવિષ્યની પેઢી ઘડવામાં તેઓની નક્કર ભૂમિકા રહેલી છે. એક સારો શિક્ષક વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને પિછાણે છે અને તેને યોગ્ય માર્ગે દોરે છે. આ શક્તિઓ રાષ્ટ્રવિકાસ માટે ઉપયોગી બને તે માટે તેઓને પથદર્શિત કરે છે.

3. **યુવાનો અને રાષ્ટ્રનિર્માણ :** સ્વામી વિવેકાનંદ કાયમ માટે યુવાનના રોલ મૉડેલ રહ્યા છે. તેમનું પ્રખ્યાત વિધાન આજે પણ પ્રસ્તુત છે, 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' દેશના પ્રત્યેક યુવાનો વિવેકાનંદના આ વિધાનને ખરા અર્થમાં ચરિતાર્થ કરે તો ચોક્કસ દેશની દશા અને દિશા બદલી શકાય છે. આ શક્તિશાળી વિધાન યુવાનોને પોતાની શક્તિઓનો પરિચય કરાવે છે અને ધ્યેયપ્રાપ્તિ માટે જાગ્રત કરે છે. તેઓનું સ્પષ્ટ માનવું હતું, 'એક શિક્ષિત યુવાન દેશની તાસીર બદલી શકે છે.' આથી દેશના યુવાનો શારીરિક, માનસિક, બુદ્ધિગમ્ય, નૈતિક, આધ્યાત્મિક અને આત્મબળથી સશક્ત બને તેવા પ્રકારનું શિક્ષણ આપવું અનિવાર્ય થઈ પડ્યું છે.

4. **શિક્ષણ અને આધ્યાત્મિકતા :** આખરે તો જીવનનો અંતિમ હેતુ શાંતિ અને ખુશી મેળવવાનો છે, પરંતુ આજના શિક્ષણથી આ હેતુ સિદ્ધ થાય છે ખરો? તેવો પ્રશ્ન આપણા અંતરાત્માને પૂછવો જ રહ્યો! તેનો જવાબ પણ આપણે સારી પેઠે જાણીએ છીએ. સ્વામી વિવેકાનંદના શિક્ષણદર્શનમાં આધ્યાત્મિકતાનું પણ ઊંડું મહત્ત્વ રહેલું જોવા મળે છે. તેઓ માનતા હતા કે શિક્ષણ માત્ર ભૌતિક કે તકનીકી ક્ષેત્ર સુધી જ મર્યાદિત ન રહેવું જોઈએ, વ્યક્તિના આંતરિક જીવનને પણ સમૃદ્ધ બનાવતું હોવું જોઈએ. આધ્યાત્મિકતા એ વ્યક્તિને જીવનનું સાચું ધ્યેય સમજવામાં અને પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે એવું તેમનું સ્પષ્ટ માનવું હતું.

5. **આત્મશક્તિ અને શિક્ષણ :** સ્વામી વિવેકાનંદની વિચારધારા પ્રમાણે દરેક વ્યક્તિમાં અનંત, અખૂટ અને અદ્વિતીય શક્તિઓ રહેલી છે. આ શક્તિઓને યોગ્ય શિક્ષણ દ્વારા ખોળી શકાય છે અને બહાર લાવી યોગ્ય ઓપ આપી શકાય છે. શિક્ષણ દ્વારા યુવાનોમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ શક્ય બનાવી તેમને સત્ય,

અહિંસા, કરુણા, સેવા અને પરોપકાર જેવાં મૂલ્યો આત્મસાત્ કરાવીને તેમનામાં આત્મવિશ્વાસ અને આત્મબળનું સર્જન કરી શકાય છે. આ આત્મબળ અને આત્મવિશ્વાસથી જ એમની આંતરિક શક્તિઓની પહેચાન થાય છે, તે શક્તિઓ જ તેઓને સફળતા બક્ષે છે.

6. **ગુણગ્રાહી શિક્ષણ :** શિક્ષણ એ સદ્‌ગુણોની ખીલવણી કરવા માટેનું એક સશક્ત માધ્યમ છે. સ્વામી વિવેકાનંદ વ્યક્તિત્વ વિકાસ પર ભાર આપતાં જણાવે છે કે અભ્યાસથી વધારે જરૂરી છે ચારિત્ર્યનિર્માણ, સારી ઓળખ અને સુંદર વ્યક્તિત્વ. શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મનિષ્ઠા, સહાનુભૂતિ, સહકાર, પરોપકાર, સામાજિક ઉત્તરદાયિત્વ, રાષ્ટ્રપ્રેમ અને સખત પરિશ્રમના ગુણોનું સર્જન કરે છે. શિક્ષણ દ્વારા શારીરિક શ્રમનું મહત્ત્વ અનાવૃત થવું જોઈએ તેમ જ શિક્ષણ દ્વારા યુવાનોમાં જરૂરી કુશળતા કેળવીને તેઓને આત્મનિર્ભર બનાવવા જોઈએ તેવું તેમનું સ્પષ્ટ માનવું હતું.

7. **સાંપ્રતમાં વિવેકાનંદના વિચારોની પ્રસ્તુતતા :** આજના સ્વાર્થી, ગળાકાપ હરીફાઈ, નૈતિક અધઃપતન, મૂલ્યવિહીન જીવનશૈલી અને બનાવટી સંબંધો ધરાવતા યુગમાં સ્વામી વિવેકાનંદના વિચારો પથદર્શક બને તેમ છે, જે વિચારો યુવાનોમાં પ્રબળ આત્મવિશ્વાસ, નૈતિક બળ, ચારિત્ર્ય બળ અને દેશસેવા તેમ જ દેશદાઝનું નિર્માણ કરી શકે તેમ છે. ખાસ કરીને 'નવી શિક્ષણ નીતિ – 2020'માં મૂલ્યકેન્દ્રી અને વ્યાવહારિક શિક્ષણ પર ભાર મુકાયો છે, ત્યારે સ્વામી વિવેકાનંદના વિચારો ઘણા ખરા અંશે પ્રસ્તુત બને છે તેમ જ યુવાનો અને શિક્ષણજગત માટે દીવાદાંડીરૂપ બની શકે તેમ છે.

સ્વામી વિવેકાનંદના શિક્ષણવિષયક વિચારોનો શાળાકક્ષાએ અને શિક્ષણક્ષેત્રે વ્યવહારુ અમલ નીચેનાં જેવાં વિધવિધ કાર્યો દ્વારા કરી શકાય.

1. શાળાઓમાં શીખવાતા વિષયોના એકમો સાથે મૂલ્યશિક્ષણને સુગ્રથિત કરવું જોઈએ. મૂલ્યશિક્ષણ એ સાંપ્રતની તાતી જરૂરિયાત છે.
2. શાળામાં આત્મશિસ્ત અને ચારિત્ર્યઘડતર માટે શિબિરો અને કાર્યશાળાનું આયોજન કરવું જોઈએ. મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન આત્મશિસ્તમાં રહેલું છે.
3. વિદ્યાર્થીઓમાં સેવા, સહકાર, નમ્રતા, ઉદારતા, દેશભાવના, પરોપકારભાવના, કરુણા અને શ્રમનું મહત્ત્વ દર્શાવતી સહઅભ્યાસક પ્રવૃત્તિઓ કરાવી શકાય.
4. 'નવી શિક્ષણનીતિ 2020' અનુસાર ટેક્નિકલ અને વ્યવસાયકક્ષાના તાલીમકેન્દ્ર શરૂ કરાવી શકાય. જેથી યુવાનોમાં કૌશલ્ય કેળવી તેઓને આત્મનિર્ભર બનાવી દેશના વિકાસમાં સહભાગી બનાવી શકાય.
5. સારસ્વતો માટે વિવેકાનંદના શિક્ષણદર્શન પર તાલીમી કાર્યશાળાનું આયોજન કરી શકાય.
6. યુવાનો માટે આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા વધારતી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.
7. સ્વામી વિવેકાનંદનાં જીવનકવન વિશે નિબંધસ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધા, શીઘ્રવક્તૃત્વસ્પર્ધા, પુસ્તકપ્રદર્શન વગેરેનું આયોજન કરી શકાય.

સ્વામી વિવેકાનંદનું શિક્ષણદર્શન માત્ર પુસ્તકોનાં પાનાંઓમાં સચવાયેલું સૈદ્ધાંતિક જ્ઞાન માત્ર નથી, પરંતુ એક જીવંત અને ધબકતી વિચારધારા છે. જે વ્યક્તિ, વિદ્યાર્થી, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે પથદર્શક બની શકે તેમ છે. તેમના વિચારો આજે પણ શિક્ષણની ખરી વ્યાખ્યાને મૂર્તિમંત કરે છે. ભારતના નવલોહિયા યુવાનો તેમણે દર્શાવેલા વિચારો પર ચાલે તો દેશનો સર્વાંગીણ વિકાસ કરીને ભારતરાષ્ટ્રને વૈશ્વિક ફલક પર મૂકી એક અલગ અને આગવી ઓળખ અને ઊંચાઈ આપી શકાય છે. પ્રબળ

રાષ્ટ્રભાવના અને પરોપકારની ભાવનાને જીવનમાં ઉતારીએ તો સમગ્ર માનવજાતનું કલ્યાણ થઈ શકે તેમાં બેમત નથી. સ્વામી વિવેકાનંદે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય શિક્ષણપ્રણાલીને રળિયાત કરી છે, તે સર્વવિદિત છે. અંતે તેમના પ્રસિદ્ધ વિધાનથી આ લેખની ઇતિશ્રી કરીએ.

"જે બીજા માટે જીવે છે એ જ વ્યક્તિ ખરેખર જીવી જાણે છે, પોતાના માટે જીવનાર માણસ જીવતા કરતાં મરેલો વધુ છે."

‘હૅપ્પી ટુ હેલ્પ’ : માનવતાની મિશાલ

કાળાંતરે માનવીની જરૂરિયાતો વિસ્તરી છે, સૂક્ષ્મ બની છે અને પરિવર્તન પામી છે. માનવે પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય પર અવલંબિત રહેવુ પડતું હોય છે. પ્રાચીનકાળથી શરૂ કરીને અર્વાચીનકાળ સુધી તેણે જે વિકાસ સાધ્યો છે, શોધો કરી છે, ખેડાણ કર્યું છે તેને માટે ક્યાંક ને ક્યાંક અન્ય પરનું આંતર અવલંબન નજરે ચડે છે. આજના સ્વાર્થપરાયણ, ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં આપણે જ્યારે શ્વસી રહ્યા છીએ ત્યારે લોકોને મદદ કરવાની ભાવના ધીમેધીમે લુપ્ત થતી જોવા મળે છે. નિજી સ્વાર્થ છોડીને પરમાર્થ માટે કાર્ય કરનાર વ્યક્તિઓની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ છે. અન્યને મદદ કરવાની ઉમદા અને બળકટ ભાવનાનો જાણે કે ક્ષય થઈ રહ્યો છે, છેદ ઊડી રહ્યો છે તેવું પ્રતીત થયા વગર રહેતું નથી. અન્યના દુઃખમાં ભાગીદાર બનવું, મદદ માટે હંમેશાં તત્પર રહેવું અને અન્યને મદદ કરીને આંતરિક પરિતોષ પામવો એ બાબત માનવતાના ખરાં શ્વાસ અને ઊંડાં તળ છે. શાળાકક્ષાએ બાળપણથી બાળકોમાં મદદ કરવાની ભાવના કેળવાય તે પ્રકારની કેળવણી આપવામાં આવે તો એક સંવેદનશીલ, સહાનુભૂતિસભર અને જવાબદાર પેઢી તૈયાર કરી શકાય. આ માટે ‘હૅપ્પી ટુ હેલ્પ’ નામના નાનકડા પણ શક્તિશાળી સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરવું જરૂરી થઈ પડે છે. ‘હૅપ્પી ટુ હેલ્પ’ને એક સૂત્ર કરતાં માનવીય અભિગમથી વધારે વિલોકવાની જરૂર છે. મદદ કે પરોપકારની ભાવના માટેનો એક સંસ્કૃત શ્લોક જોઈએ :

परोपकाराय फलन्ति वृक्षाः।
परोपकाराय वहन्ति नद्यः।

परोपकाराय दुहन्ति गावः।
परोपकारार्थमिदं शरीरम्॥

અર્થાત્ વૃક્ષો ફળ આપે છે, નદીઓ વહે છે, ગાયો દૂધ આપે છે. આ બધું પરોપકાર માટે છે. એ જ રીતે મનુષ્યનું શરીર પણ પરોપકાર માટે હોય છે. જેવી રીતે વૃક્ષો, નદી, ગાય કે પુષ્પો પરોપકાર માટે કાર્ય કરે છે એવી જ રીતે મનુષ્યે પણ પોતાના જીવનમાં પરોપકારની ભાવના જીવંત રાખવી જોઈએ. કહેવાય છે ને કે અન્યને મદદ કરનારને પ્રભુ પોતે મદદ કરે છે, બીજાનું ભલું કરનારનું પણ ભલું થાય છે. 'BE GOOD DO GOOD.' પોતે સારા બનીને અને સારાં કાર્યો કરીને સમાજને મદદરૂપ થવાની ભાવના એ જ ખરો માનવધર્મ અને માનવતાની મિશાલ છે.

જગતના પ્રત્યેક મહાપુરુષોએ પોતાનું સમગ્ર જીવન દીનદુઃખિયા, પીડિતો અને વંચિતોની સેવા માટે ન્યોછાવર કરેલું વિદ્યમાન થાય છે. મધર ટેરેસા, અબ્રાહમ લિંકન, નેલ્સન મંડેલા, ડૉ. બાબાસાહેબ આંબેડકર, પૂજ્ય રવિશંકર મહારાજ, ભગવાન ગૌતમ બુદ્ધ, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ વગેરે સેવાના ભેખધારી મનુજોની લાંબી શૃંખલા રચાઈ છે, રચાતી રહે છે. જેઓએ રાતદિવસ લોકો અને દેશને સમર્પિત થઈને કાર્ય કર્યું છે. કહો કે આ મહાપુરુષો પોતાના માટે ઓછું અને અન્ય માટે વધારે જીવ્યા છે. પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન દેશહિત અને લોકકલ્યાણની ઉદાત્ત, નિર્ભેળ અને ઉમદા ભાવનાઓને તેઓએ છાતીસરસી ચાંપી છે. તેઓના જીવનની એક-એક ક્ષણ દેશ અને લોકોના કલ્યાણ અર્થે ખર્ચી છે, તેનાથી આપણે સૌ સર્વવિદિત છીએ.

શાળાકક્ષાએ બાળકોમાં કુમળી વયે પરોપકારના ગુણનું બીજ રોપવામાં આવે અને તેને યોગ્ય શિક્ષણ થકી માવજત કરવામાં આવે તો ભવિષ્યમાં તેનામાં સેવાના ભેખધારીનું એક વટવૃક્ષ નિર્માણ પામશે અને તેની શીતળ છાયા સમગ્ર માનવસમાજને શાતા આપશે તે કહેવું અનુચિત નથી જ. 'હૅપ્પી ટુ હેલ્પ'ની

ભાવનાને કારણે વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ, કરુણા, સહકાર, નમ્રતા જેવાં મૂલ્યોની ખિલવણી કરી શકાય છે. વિદ્યાર્થીઓમાં સુસંવાદી અને મૈત્રીપૂર્ણ સંબંધો પ્રસ્થાપિત કરી શકાય છે. સહકાર અને પરોપકારની ભાવનાથી ઈર્ષા, દ્વેષ વગેરે ભસ્મીભૂત થઈ ઓગળી જાય છે. સમગ્ર વર્ગમાં ઐક્યની ભાવના જાગ્રત થાય છે. પરસ્પર સમજણનો સેતુ રચાય છે. મદદ કરવાની ભાવનાનો સૌથી મોટો ફાયદો એ થાય છે કે વિદ્યાર્થીમાં આંતરિક આનંદ અને સંતોષ જન્મે છે, જે તેના આત્મવિશ્વાસમાં વધારો કરી આપે છે.

શાળાકક્ષાએ 'હૅપ્પી ટુ હેલ્પ'ની ભાવનાને સાકાર કરવા માટે ઘણાં રચનાત્મક કાર્યો થઈ શકે. જેવાં કે વર્ગનાં ભણવામાં નબળાં બાળકો અને તેજસ્વી બાળકો સાથે મળી જૂથઅભ્યાસ કરી શકે તેવું આયોજન કરવું જોઈએ. શાળામાં ભણવામાં નબળા બાળકો માટે વાચન અને લેખન સહાયતા કાર્યક્રમ શરૂ થાય અને તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મદદથી તેમને અભ્યાસમાં મદદરૂપ બની શકાય. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સમયાંતરે અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો અને ઝૂંપડપટ્ટી વિસ્તારની મુલાકાત કરાવવી જોઈએ. જેથી તેઓમાં કરુણાનો ભાવ જાગે અને પોતાની ક્ષમતા અનુસાર તેઓને મદદ પણ કરે. પોતાના જન્મદિવસ અથવા તો કોઈ શુભપ્રસંગે જરૂરિયાતમંદ લોકોને પોતાનાં જૂનાં પુસ્તકો, કપડાં અને ખોરાક અને અન્ય જરૂરી સામગ્રી પણ પૂરી પાડી શકાય. કુદરતી અથવા માનવસર્જિત આપત્તિ વખતે પીડિતોને શક્ય મદદ કરવા માટે શાળામાં સ્વયંસેવકોની ટુકડી બનાવવી જોઈએ, જે આપત્તિના સમયે તંત્રને સહયોગ કરી અસરગ્રસ્તોને મદદરૂપ બની શકે. 'રાષ્ટ્રીય સ્વયં સેવા યોજના' અને 'નૅશનલ ક્રેડિટ કોર યોજના'ને વધારે વેગવંતી અને બળવત્તર બનાવી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને પરોપકારની ભાવનાને સાકાર કરી શકાય. 'હૅપ્પી ટુ હેલ્પ'ની વિભાવના માત્ર શાળા પૂરતી જ સીમિત નથી, પણ ઘરમાં પણ તેનું મહત્ત્વ રહેલું છે. આ વિભાવના દ્વારા માતાપિતાને ઘરકામમાં મદદ કરવી, નાનાં ભાઈબહેનોને અભ્યાસમાં મદદ કરવી અને

બજારને લગતાં કાર્યોમાં મદદરૂપ થવું વગેરે કાર્યો દ્વારા બાળકોમાં મદદની ભાવના અંકુરિત કરવામાં આવે તો તેનાં સારાં પરિણામો સમાજને મળ્યાં વગર રહેતાં નથી.

શાળા દ્વારા સેવાભાવી સંસ્થાઓની મુલાકાત, સેવાને સાંગોપાંગ વરેલી હૉસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત, અભ્યાસમાં મૂલ્યલક્ષી શિક્ષણનો વિનિયોગ, પ્રેરણાદાયી નાટકો, ફિલ્મો અને પુસ્તકો, જૂથઅભ્યાસ પ્રવૃત્તિઓ, સેવાકીય પ્રવૃત્તિઓ વગેરે રચનાત્મક કાર્યો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવાભાવને મૂર્તિમંત કરી શકાય છે.

અંતે 'હૅપ્પી ટુ હેલ્પ' એ કોઈ ફોટો સેશન કે દેખાડાની પ્રવૃત્તિ નથી, પણ વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં એક સુસંવાદી, સંવેદનશીલ, કરુણાસભર, હકારાત્મક અને માનવતાવાદી અભિગમ કેળવાય તે પ્રકારનો એક સાત્ત્વિક અને પ્રેરણાદાયી મહાયજ્ઞ છે, જેમાં સેવાના ભેખધારીઓ સમય, શક્તિ અને દ્રવ્યની આહુતિ કે સમિધ આપી શકે છે. આ મહાકાર્ય કોઈ એક દિવસ પૂરતું ન બની રહેતાં જીવનનો અભિન્ન ભાગ બની રહે તે પણ એટલું જ જરૂરી છે. 'હૅપ્પી ટુ હેલ્પ' ને આપણા જીવનનો મુદ્રાલેખ બનાવીએ તેવી મંછા અસ્થાને કે અપ્રસ્તુત નથી જ.

ક્ષણેક્ષણે શિક્ષણ : અસ્ખલિત વહેતું ઝરણું

"Education is not a limited process, it is an endless and lifelong natural process."

'શિક્ષણ એ સંકીર્ણ પ્રક્રિયા નથી, પરંતુ અનંત અને દીર્ઘકાલીન ચાલતી પ્રક્રિયા છે.' આદરણીય જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરના સચિવશ્રી એસ. જે. ડુમરાળિયાસાહેબ શિક્ષણને ઉપર્યુક્ત રીતે મૂલવે છે. આ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરના પ્રોફેસર ડૉ. કૃણાલ પંચાલ પણ ક્ષણેક્ષણે શિક્ષણનો ગુણાનુવાદ કરે છે. વિશ્વના અને ભારતના શિક્ષણવિદો પણ શિક્ષણની પ્રક્રિયાને જુદીજુદી અર્થચ્છાયામાં પ્રયોજે છે. શિક્ષણની બધી સંકલ્પનાઓમાંથી સામાન્યીકરણ કરી શકાય તેવી જો કોઈ બાબત હોય તો એ છે કે શિક્ષણની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે વણથંભી, નિરંતર કે અવિરત ચાલતી પ્રક્રિયા લેખાય છે. ભલે જુદાજુદા વિદ્વાનો તેને જુદીજુદી રીતે પ્રમાણે પણ સતત ચાલતી પ્રક્રિયા એ શિક્ષણનું કેન્દ્રવર્તી અને હાર્દ બિંદુ છે અને રહેશે. તો ચાલો, ક્ષણેક્ષણે શિક્ષણનો સાક્ષાત્કાર કરીએ.

વિવિધ સંશોધનોએ એવું સાબિત કરી આપ્યું છે કે બાળક ગર્ભાધાનથી જ શીખી શકે છે. આપણે ત્યાં ગર્ભાધાન સંસ્કારના વિષય અંગે ઘણાં પુસ્તકો લખાયાં છે અને મબલખ સાહિત્યસર્જન થયું છે, થતું રહે છે. ગર્ભસંસ્કારને સોળ સંસ્કાર પૈકીનો એક સંસ્કાર ગણવામાં આવે છે. માતાના ગર્ભમાં ઊછરી રહેલા બાળકને શીખવી શકાય છે, તે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સાબિતીઓ દ્વારા સિદ્ધ થયેલી સો ટચ સોના જેવી બાબત છે. અહીં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે શીખવાની પ્રક્રિયા બાળકના જન્મ પહેલાં જ શરૂ થઈ જાય છે અને જીવનપર્યંત ચાલતી રહે છે.

બાળકના જન્મ બાદ બાળકના શીખવાની પ્રક્રિયાને અસર કરતાં મહત્ત્વનાં પરિબળ તરીકે માતાની અહમ્‌ભૂમિકા રહેતી હોય છે. માતા બાળકની પ્રથમ ગુરુ છે. કહેવાય છે ને કે એક માતા સો શિક્ષકોની ગરજ સારે. બાળક ઘણું ખરું પોતાની માતા પાસેથી શીખે છે. માતાનું મમત્વ, પિતાનું શિસ્તભર્યું માર્ગદર્શન અને ભાઈઓ તથા બહેનોનો ભ્રાતૃભાવ અને કુટુંબીજનોનું સાહચર્ય અને વહાલ બાળકને ઘણું બધું શીખવે છે. સામાન્ય રીતે ભાષા, નૈતિકતા, સ્વચ્છતા, સુઘડતા, શિસ્ત, સમયપાલન, કઠોર પરિશ્રમ વગેરે જેવા ગુણો પરિવારમાંથી બાળકમાં નખશિખ ઊતરતા હોય છે.

વારસો અને વાતાવરણ બાળકોનું વર્તન અને વ્યવહાર નિર્ધારણ કરી આપતાં મહત્ત્વનાં પરિબળો છે. માતાપિતા પછી બાળકની શીખવાની પ્રક્રિયાને અસર કરનારું પરિબળ શાળા બને છે. શાળામાં સારસ્વતમિત્રો માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાનું જ કાર્ય નથી કરતાં, પણ બાળકને યોગ્ય વર્તનવ્યવહાર અને જીવન જીવવાનાં કૌશલ્યો અને જીવન પણ શીખવે છે. શાળામાં શિસ્ત, જવાબદારી, સહકાર, જૂથભાવના, નિયમિતતા, સમયપાલન, નીતિમત્તા, પુરુષાર્થ જેવા ગુણો આત્મસાત્ કરવાનો પ્રયાસ થતો હોય છે. જીવનનાં ઘણાં વર્ષો વ્યક્તિ શાળા અને કૉલેજ શિક્ષણમાં ગાળે છે એટલે સહજ રીતે બાળક ત્યાંથી ઘણું બધું શીખી શકે તે દીવા જેવી સ્પષ્ટ બાબત છે. સાથોસાથ બાળક પોતાના મિત્રો અને સમાજમાંથી પણ ઘણું શીખે છે. ટૂંકમાં કહીએ તો બાળક કે વ્યક્તિ જીવનની દરેક પળે કંઈક ને કંઈક શીખતો રહે છે. બાળકને માતાપિતા, શાળા, મિત્રો અને સમાજનાં ભિન્નભિન્ન અંગો દ્વારા જુદાજુદા અનુભવજન્ય બોધપાઠો મળતા રહે છે. જે તેના જીવનને આકારિત કરે છે.

બાળક સ્વયં પણ સ્વઅનુભવોમાંથી ઘણું શીખે છે. 'ભૂલો કરો અને શીખો' તે માનવજીવન સાથે વણાયેલું અને વણકહ્યું સત્ય છે. વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન ઘણી ભૂલો કરે

છે. ભૂલોમાંથી તે ઘણું શીખે છે. બાળક પ્રકૃત્તિ પાસેથી પણ ઘણું શીખી શકે છે. વૃક્ષો પરોપકારિતાના ગુણો કેળવે છે, સૂર્ય નિયમિત ઊગી અને આથમી નિયમિતતાના પાઠ ભણાવે છે. ચંદ્ર શીતળતા બક્ષે છે. નદી સતત વહેતી રહીને આગળ વધવાની પ્રેરણા આપે છે. પંખીઓ મુક્ત આકાશમાં ચિંતામુક્ત ઊડવાનું શીખવે છે અને સફળતાની ઊંચાઈઓ સર કરવાનું સૂચવી જાય છે. પર્વતો, ઝરણાંઓ, ખીણો, જંગલો, ઋતુઓ વગરે પ્રકૃત્તિનાં તત્ત્વો જાણેઅજાણ્યે માનવજાતને જીવન જીવવાની કળા શીખવે છે. જીવનમાં સારીનરસી ઘટનાઓ પણ આપણને ઘણું શીખવી જાય છે. ખાલી પેટ, ખાલી ખિસ્સું અને હૈયામાં વાગેલી ઠોકરો જીવનના અમૂલ્ય બોધપાઠો શીખવી દે છે. આમ, શીખવાની બાબત ક્ષણભંગુર કે અલ્પકાલીન નથી, પરંતુ જીવનપર્યંત ચાલતી લાંબા ગાળાની પ્રક્રિયા છે.

ક્ષણેક્ષણે શિક્ષણ આપણને જીવનનાં શાશ્વત મૂલ્યો જેવાં કે આત્મશિસ્ત, આત્મખોજ, સહઅસ્તિત્વ અને સેવાપરાયણતા શીખવે છે. શિક્ષણથી સ્વયંશિસ્ત કેળવી શકાય છે અને આત્મતત્ત્વની ખોજ કરી શકાતી હોય છે. શિક્ષણ સમાજનાં અંગો સાથે તાદાત્મ્ય અને અનુકૂલન સાધીને જીવતા શીખવાડે છે, તો સ્વાર્થને છોડી પરમાર્થના માર્ગે ચાલી પરમ નિજાનંદની અનુભૂતિ પણ કરાવે છે. સાચી કેળવણી દ્વારા અન્યનો સંપૂર્ણ સ્વીકાર કરી માનસિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે. જતું કરવાની, જાતે કરવાની અને સાક્ષીભાવે જોયા કરવાની ભાવના જાગ્રત થાય છે.

જીવનના દરેક પડાવ પર કંઈક ને કંઈક શીખવા મળતું હોય છે. શાળાકીય ઔપચારિક પરીક્ષાઓ બાદ જીવનની ખરી કસોટીઓમાંથી વ્યક્તિએ પસાર થવાનું રહેતું હોય છે. શાળાકીય શિક્ષણમાં નિયત અભ્યાસક્રમ, નિયત પ્રશ્નપત્ર રૂપરેખા અને નિયત સમય હોય છે. જ્યારે જીવનની પરીક્ષામાં કોઈ નિયત અભ્યાસક્રમ, પ્રશ્નપત્ર કે સમય હોતો નથી. જીવનની એક સમસ્યા ઉકેલો ત્યાં તો અન્ય સમસ્યાઓ મોં ફાડીને ઊભી જ હોય છે.